This Question Paper contains 16 printed pages.

પ્રશ્ન પુસ્તિકા ક્રમાંક :

| પ્રશ્નપુસ્તિકાનો કોડ Question Paper Booklet Code |
|---|
| **01** |

# (ગુજરાતી)

***Time : 90 Minutes]*** ***[Maximum Marks : 100***

ઉમેદવારો માટેની અગત્યની સૂચનાઓ :

1) દરેક પ્રશ્નોના સરખા માર્કસ છે. કુલ પ્રશ્નોની સંખ્યા **100** છે.

2) સૌ પ્રથમ પ્રશ્ન પુસ્તિકાનું સીલ તોડયા વગર, તેમાં સામેલ (Inserted) ઉત્તરવહી (OMR Sheet) કાળજીપૂર્વક બહાર કાઢવાની રહેશે. આ ઉત્તરવહી (OMR Sheet) માં કરચલી પડે નહી કે વળે નહી તેની ખાસ કાળજી લેવી.

3) ઉમેદવારે ઉપરોક્ત પ્રશ્ન પુસ્તિકાનો કોડ અને ક્રમાંક તેમજ પોતાનો બેઠક ક્રમાંક (Roll No.) ઉત્તરવહીમાં અવશ્ય દર્શાવવાના રહેશે અને જો દર્શાવવામાં નહી આવેલ હોય તો, તેવી ઉત્તરવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી. દરેક જવાબો ઉત્તરવહીમાં જણાવ્યા પ્રમાણે દર્શાવવાના રહેશે તે માટે ઉત્તરવહીની પાછળના ભાગે દર્શાવેલ વિગતવારની સૂચનાઓ વંચાણે લઈ અવશ્ય અમલવારી કરવાની રહેશે.

4) પરીક્ષાના સમયે ઉમેદવારે કોઈપણ જાતનું સાહિત્ય, મોબાઈલ ફોન, કેલ્ક્યુલેટર, વિજાણું યંત્રો કે જે ઉમેદવારને પરીક્ષામાં મદદરૂપ થઈ શકે તે સાથે રાખવા નહીં. પાછળથી આવી કોઈપણ વસ્તુઓ ઉમેદવાર પાસેથી મળશે કે કોઈપણ ઉમેદવાર નકલ કરતા, અથવા કોઈપણ જાતની ગેરરીતિ કે ગેરશિસ્ત આચરતા જણાશે તો તેવા ઉમેદવારને પરીક્ષા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

5) પરીક્ષાની કાર્યવાહી બાબતે કોઈ પ્રશ્ન હોય તો હાથ ઉંચો કરી, વર્ગખંડ નિરીક્ષક (Invigilator) નાઓને પૂછવાનો રહેશે. તેમજ પ્રશ્નપત્ર અથવા ઉત્તરવહી (OMR Sheet) માં કોઈ ક્ષતિ જણાય તો તાત્કાલીક વર્ગખંડ નિરીક્ષક (Invigilator) નાઓને તે બાબતે જાણ કરી, બીજી નકલ મેળવી લેવાની રહેશે.

6) ઉત્તરવહી ભરવા માટે ફક્ત ભૂરી અથવા કાળી બોલ પોઈન્ટ પેન વાપરવાની રહેશે.

7) દરેક સાચા ઉત્તર(જવાબ) નો 01(એક) માર્કસ છે. ઉત્તરવહીમાં જો કોઈપણ વિકલ્પ પસંદ નહિ કરે તો તેને કોઈ માર્કસ મળશે નહી અને કપાશે પણ નહી. જ્યારે દરેક ખોટા ઉત્તર દીઠ 0.25 માર્કસ નેગેટીવ (-) માર્કસ તરીકે કપાત કરવામાં આવશે. જેની ઉમેદવારે ખાસ નોંધ લેવી.

8) ઉત્તરવહીમાં દરેક પ્રશ્નોના ઉત્તર વિકલ્પો દર્શાવવામાં આવેલ છે. જે વિકલ્પ પસંદ કરો, તેનું વર્તુળ ઉત્તરવહીમાં જણાવ્યા પ્રમાણે ભરવું. ઉત્તરવહીમાં એકથી વધારે વર્તુળ ભરવામાં આવશે કે સફેદ શાહી (White Ink) નો ઉપયોગ કરવામાં આવશે તો તેવા જવાબને ખોટા ગણવામાં આવશે. આ ઉપરાંત વર્તુળમાં કોઈપણ પ્રકારની છેકછાક કરેલ જવાબોને પણ ખોટા જવાબો ગણવામાં આવશે. આવા ખોટા જવાબો દીઠ 0.25 માર્કસ નેગેટીવ (-) માર્કસ તરીકે કપાત કરવામાં આવશે જેથી પુરતો વિચાર કરી જવાબ નક્કી કર્યા બાદ જ જવાબરૂપે વર્તુળ ભરવું. જેની ઉમેદવારે ખાસ નોંધ લેવી.

9) ઉત્તરવહીના કોઈ વર્તુળ (A,B,C,D જવાબ) માં ભુલથી પણ ટપકું થયું હશે તો પણ કોમ્પ્યુટર એસેસમેન્ટમાં તેને જવાબ ગણી લઈ શકે છે. જેથી તમામે ઉત્તરવહી (OMR Sheet) માં સાવધાનીથી પેનનો ઉપયોગ કરવા ગંભીર નોંધ લેવી.

10) પરીક્ષા દરમ્યાન વર્ગખંડ નિરીક્ષક આપની પાસે હાજરી પત્રક લઈને આવશે તેમાં ઉમેદવારે પોતાની ઉત્તરવહી નંબર (OMR Sheet No.) ભરી હાજરી પત્રકમાં અવશ્ય સહી કરવાની રહેશે.

11) ઉમેદવારને આપવામાં આવેલ ઉત્તરવહી (OMR Sheet) માં કોઈપણ જગ્યાએ જણાવેલ વિગતો સિવાય નામ કે અન્ય ઓળખ માટેના કોઈપણ પ્રકારના ચિન્હ દર્શાવવા નહીં. રફકામ માત્ર પ્રશ્ન પુસ્તિકામાં કરી શકાશે.

12) ઉત્તરવહી (OMR Sheet) ત્રણ પ્રતમાં છે. પરીક્ષા પૂર્ણ થયા પછી ઉત્તરવહી (OMR Sheet) માંની ત્રીજી ઉમેદવાર કોપી (Candidate's Copy) વર્ગખંડ નિરીક્ષક (Invigilator) અલગ કરી ઉમેદવારને આપશે. જે ઉમેદવારે લઈ જવી. ઉમેદવારે જાતે આ ત્રીજી કોપી અલગ પાડવી નહી. જેની ખાસ નોંધ લેવી.



PariksaPath . pariksapath.in

1) સાચી જોડણી જણાવો. **ANSWER - B**

(A) વિપરિત (B) વિપરીત

(C) વીપરીત (D) વીપરિત

2) સાચી જોડણી જણાવો. **ANSWER - A**

(A) વાલ્મીકિ (B) વાલ્મીકી

(C) વાલ્મિકિ (D) વાલ્મિકી

3) 'સ્પૃહા' શબ્દનો પર્યાયવાચી જણાવો. **ANSWER - C**

(A) કારણ (B) ફિકર

(C) ઈચ્છા (D) ચિંતા

4) 'કેતુ' શબ્દનો પર્યાયવાચી જણાવો. **ANSWER - A**

(A) ધજા (B) હેતુ

(C) ઘર (D) અવાજ

5) 'આપગા' શબ્દનો પર્યાયવાચી જણાવો. **ANSWER - D**

(A) આપત્તિ (B) સ્વજન

(C) મિત્ર (D) નદી

6) ઘણી બૂમ પાડવા છતાં કોઈ ન સાંભળે તેવું – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. **ANSWER - B**

(A) અસંગત (B) અરણ્યરુદન

(C) અસાધ્ય (D) અધ્યાત્મ

7) જેનો એકપણ પુત્ર મૃત્યુ ન પામ્યો હોય તેવી સ્ત્રી – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. **ANSWER - B**

(A) નિઃસંતાન (B) અખોવન

(C) રામબાણ (D) અવિભાજ્ય



ParikSaPath . pariksapath.in

8) 'વ્યંજન' શબ્દની સાચી સંધિ જણાવો. **ANSWER - C**

(A) વ્યં + જન (B) વી + અંજન

(C) વિ + અંજન (D) વ્ય + અંજન

9) 'તેણે મોટેથી બૂમ પાડી' – વાક્યનો પ્રકાર જણાવો. **ANSWER - B**

(A) કર્મણિ (B) કર્તરિ

(C) ભાવે (D) પ્રેરક

10) 'સૂર પૂરવો' રૂઢિપ્રયોગનો અર્થ આપો. **ANSWER - C**

(A) ગીત ગાવું (B) સંગીત વગાડવું

(C) હામાં હા કહેવી (D) આનકાની કરવી

11) 'કળ વળવી' રૂઢિપ્રયોગનો અર્થ આપો. **ANSWER - D**

(A) દુઃખ થવું (B) મંદબુદ્ધિ હોવું

(C) આનંદ થવો (D) નિરાંત થવી

12) 'ધોરીડા' શબ્દનો પર્યાયવાચી શબ્દ આપો. **ANSWER - B**

(A) ગાય (B) બળદ

(C) ભેંસ (D) ઢોર

13) 'વિદ્યાર્થી' શબ્દની સંધિ છૂટી પાડો. **ANSWER - A**

(A) વિદ્યા + અર્થી (B) વિદ્ય + અર્થી

(C) વિદ્ય + આર્થી (D) વિદ્યા + આર્થી

14) 'સિન્ધૂર્મિ' શબ્દની સંધિ છૂટી પાડો. **ANSWER - D**

(A) સિન્ધુ + ઉર્મિ (B) સિન્ધૂ + ઉર્મિ

(C) સિન્ધૂ + ઊર્મિ (D) સિન્ધુ + ઊર્મિ



ParikSaPath . pariksapath.in

15) 'ષડયંત્ર' શબ્દની સંધિ છૂટી પાડો. **ANSWER - C**

(A) ષડ્ + યંત્ર (B) ષડ + યંત્ર

(C) ષટ્ + યંત્ર (D) ષટ + યંત્ર

16) 'સુષ્મા' શબ્દની સંધિ છૂટી પાડો. **ANSWER - C**

(A) સુ + ષમા (B) સુ + ષ્મા

(C) સુ + સમા (D) સુ + સ્મા

17) સાચી જોડણી જણાવો. **ANSWER - D**

(A) પ્રતિતિ (B) પ્રતીતી

(C) પ્રતિતી (D) પ્રતીતિ

18) 'કામિની કોકિલા કેલી કૂજન કરે' – અલંકાર ઓળખાવો. **ANSWER - A**

(A) વર્ણાનુપ્રાસ (B) આંતરપ્રાસ

(C) અંત્યાનુપ્રાસ (D) શ્લેષ

19) સાચી જોડણી જણાવો. **ANSWER - B**

(A) ચર્તુભુજ (B) ચતુર્ભુજ

(C) ચર્તુભૂજ (D) ચતુર્ભૂજ

20) 'રિપુ' શબ્દનો પર્યાયવાચી શબ્દ આપો. **ANSWER - C**

(A) મિત્ર (B) સ્વજન

(C) દુશ્મન (D) પિતા

21) 'કાસાર' શબ્દનો પર્યાયવાચી શબ્દ આપો. **ANSWER - D**

(A) વરસાદ (B) નદી

(C) દરિયો (D) તળાવ



PariksaPath . pariksapath.in

22) 'વિના વાંકે એવો મુજ હૃદયને ક્રોધ ન ઘટે' - પંક્તિમાં કયો છંદ છે ? **ANSWER - A**

(A) શિખરિણી (B) પૃથ્વી

(C) હરિગીત (D) ભુજંગી

23) 'આર્જવ' શબ્દનો પર્યાયવાચી શબ્દ આપો. **ANSWER - B**

(A) કઠણ (B) મૃદુ

(C) લિસ્સું (D) ખરબચડું

24) 'તે પંખીની ઉપર પથરો ફેંકતા ફેંકી દીધો' - પંક્તિનો છંદ ઓળખાવો. **ANSWER - A**

(A) મંદાક્રાંતા (B) શિખરિણી

(C) વસંતતિલકા (D) મનહર

25) સાચી જોડણી જણાવો. **ANSWER - B**

(A) સુચિસ્મિતે (B) શુચિસ્મિતે

(C) સૂચિસ્મિતે (D) શૂચિસ્મિતે

26) 'અપ્સરા તો અપ્સરા જ ને ! '- આ વિધાનમાં કયો અલંકાર છે ? **ANSWER - D**

(A) રૂપક (B) વ્યતિરેક

(C) વ્યાજસ્તુતિ (D) અનન્વય

27) સાચી જોડણી જણાવો. **ANSWER - C**

(A) પરીતોષ (B) પરીતોસ

(C) પરિતોષ (D) પરીતોશ

28) 'આતુર થવું' માટે કયો રૂઢિપ્રયોગ યોગ્ય છે ? **ANSWER - A**

(A) તલપાપડ થઈ રહેવું. (B) તાસીરો બોલી રહેવો

(C) કળ વળવી (D) અછોવાનાં કરવાં



ParikaPath . pariksapath.in

29) 'કૌમુદી' શબ્દનો પર્યાયવાચી જણાવો. ANSWER - B

(A) કૂંપળ (B) ચાંદની

(C) રાત્રિ (D) ડાળી

30) 'નિશદિન' શબ્દનો સમાસ જણાવો. ANSWER - B

(A) કર્મધારય (B) દ્વન્દ્વ

(C) બહુવ્રીહિ (D) મધ્યમપદલોપી

31) 'શું તમે અમારી સાથે આવશો ? ' - આ વિધાનમાં કયો શબ્દ વધારાનો છે ? ANSWER- B & C

(A) તમે (B) અમારી

(C) શું (D) આવશો

32) 'પર્જન્ય' શબ્દનો પર્યાયવાચી જણાવો. ANSWER - D

(A) ધુમ્મસ (B) વાદળ

(C) આકાશ (D) વરસાદ

33) સાચી જોડણી જણાવો. ANSWER- A

(A) વિખૂટું (B) વીખૂટું

(C) વિખૂટૂં (D) વિખુટૂં

34) નીચેનામાંથી કયો શબ્દ રવાનુકારી છે ? ANSWER - A

(A) ટપટપ (B) ચા-બા

(C) વાસણ બાસણ (D) પાણી બાણી



ParikşaPath . pariksapath.in

35) 'ઉદગ્રીવ દષ્ટિ કરતાં નભ શૂન્ય ભાસે' – પંક્તિનો છંદ ઓળખો. **ANSWER - C**

(A) અનુષ્ટુપ (B) ઉપજાતિ

(C) વસંતતિલકા (D) શિખરિણી

36) 'તીર્થોત્તમ' શબ્દની સંધિ છૂટી પાડો. **ANSWER - C**

(A) તીર્થ + ઊત્તમ (B) તીર્થો + ત્તમ

(C) તીર્થ + ઉત્તમ (D) તીર્થો + ઊત્તમ

37) 'સાયર' શબ્દનો પર્યાયવાચી જણાવો. **ANSWER - D**

(A) ઝરણું (B) રણ

(C) પર્વત (D) દરિયો

38) 'બકાલું' શબ્દનો પર્યાયવાચી જણાવો. **ANSWER - A**

(A) શાકભાજી (B) કરિયાણું

(C) સામાન (D) ઉકરડો

39) 'જેની બુદ્ધિ સ્થિર છે તે' – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. **ANSWER - B**

(A) નિ:સ્પૃહ (B) સ્થિતપ્રજ્ઞ

(C) ચલિતપ્રજ્ઞ (D) મંદમતિ

40) સાચી જોડણી જણાવો. **ANSWER - B**

(A) પરિવેષ (B) પરિવેશ

(C) પરિવેસ (D) પરીવેષ



PariksaPath . pariksapath.in

41) 'પુષ્પધન્વા' શબ્દનો પર્યાયવાચી જણાવો. **ANSWER - D**

(A) ઈન્દ્ર (B) ગણપતિ

(C) મહાદેવ (D) કામદેવ

42) 'અભિ + અંતર' શબ્દની સંધિ જોડો. **ANSWER - C**

(A) અભિઅંતર (B) અભિંતર

(C) અભ્યંતર (D) અભ્યતંર

43) 'ઘોડાગાડી' શબ્દનો સમાસ જણાવો. **ANSWER - A**

(A) મધ્યમપદલોપી (B) દ્વિગુ

(C) કર્મધારય (D) દ્વન્દ્વ

44) 'તમારે માત્ર દસ વખત લખવાનું છે.' વિધાનમાં 'માત્ર' શું દર્શાવે છે ? **ANSWER - C**

(A) અનુગ (B) વિભક્તિ

(C) નિપાત (D) પ્રત્યય

45) 'અમે રે સૂકું રૂનું પૂમડું' – પંક્તિનો અલંકાર જણાવો. **ANSWER - A**

(A) રૂપક (B) અનન્વય

(C) અપહ્નુતિ (D) ઉત્પ્રેક્ષા

46) 'પ્રિયજનની પગલીઓ, જાણે વનફૂલની ઢગલીઓ' – પંક્તિનો અલંકાર જણાવો. **ANSWER - A**

(A) ઉત્પ્રેક્ષા (B) યમક

(C) શ્લેષ (D) રૂપક

47) 'સૂરત તું જ રડતી સૂરત' – પંક્તિનો અલંકાર જણાવો. **ANSWER - B**

(A) વ્યતિરેક (B) શ્લેષ

(C) યમક (D) ઉપમા



ParikṣaPath . pariksapath.in

48) 'કદી મારી પાસે, વનવનતણાં હોત કુસુમો' – પંક્તિનો છંદ જણાવો. **ANSWER - A**

(A) શિખરિણી (B) વસંતતિલકા

(C) મંદાક્રાંતા (D) સ્રગ્ધરા

49) 'ત્યાં તો પેલી ચપળ દીસતી વાદળી જાય ચાલી.' – પંક્તિનો છંદ જણાવો. **ANSWER - D**

(A) શિખરિણી (B) અનુષ્ટુપ

(C) હરિગીત (D) મંદાક્રાંતા

50) 'ઘણુંક ઘણું તોડવું, તું ફટકાર ઘા, એ ભુજા' – પંક્તિનો છંદ જણાવો. **ANSWER - A**

(A) પૃથ્વી (B) હરિગીત

(C) માલિતી (D) મિશ્રોપજાતિ

51) 'રે આ સાફલ્યટાણું યુગયુગ પલટે તોય પાછું ના આવે' – પંક્તિનો છંદ જણાવો. **ANSWER - A**

(A) સ્રગ્ધરા (B) હરિગીત

(C) મંદાક્રાંતા (D) શિખરિણી

52) 'ભૂરું છે નભ સ્વચ્છ સ્વચ્છ દીસતી એક નથી વાદળી' – પંક્તિનો છંદ જણાવો. **ANSWER - D**

(A) સ્રગ્ધરા (B) અનુષ્ટુપ

(C) હરિણી (D) શાર્દૂલવિક્રીડિત

53) મનહર છંદની બંને પંક્તિ મળીને કેટલા અક્ષર હોય છે ? **ANSWER - D**

(A) 30 (B) 32

(C) 33 (D) 31

54) અનુષ્ટુપ છંદમાં કેટલા ચરણ હોય છે ? **ANSWER - B**

(A) આઠ (B) ચાર

(C) ત્રણ (D) બે



PariksaPath . pariksapath.in

55) ચોપાઈ છંદમાં કેટલી માત્રા હોય છે ?

ANSWER - A

(A) પંદર (B) સોળ

(C) ચૌદ (D) તેર

56) 'જે પોષતું, તે મારતું શું એ નથી ક્રમ કુદરતી' – પંક્તિનો છંદ ઓળખાવો.

ANSWER - A

(A) હરિગીત (B) ઝૂલણાં

(C) દોહરો (D) સવૈયા

57) 'ધમાલ ન કરો, – જરાય નહિ નેન ભીનાં થશો' – પંક્તિનો છંદ ઓળખાવો.

ANSWER - D

(A) હરિગીત (B) મનહર

(C) મંદાક્રાંતા (D) પૃથ્વી

58) રૂઢિપ્રયોગ ઓળખી બતાવો.

ANSWER - D

(A) ઝાઝા હાથ રળિયામણા (B) અધૂરો ઘડો છલકાય

(C) ઉતાવળે આંબા ન પાકે (D) હળવા ફૂલ થઈ જવું

59) કહેવત ઓળખી બતાવો.

ANSWER - D

(A) ભીંત ભૂલવી (B) ગળથૂથીમાં મળવું

(C) જીવ હેઠો બેસવો (D) ખાલી ચણો વાગે ઘણો

60) 'વપુ' શબ્દનો પર્યાયવાચી જણાવો.

ANSWER - A

(A) શરીર (B) માથું

(C) હાથ (D) પગ

61) 'દ્યુતિ' શબ્દનો પર્યાયવાચી જણાવો.

ANSWER - D

(A) વીજળી (B) નદી

(C) હવા (D) તેજ



PariksaPath . pariksapath.in

62) ‘વૃક્ષ’ શબ્દ માટે કયો પર્યાય સાચો છે ? ANSWER - D

(A) દૂર્વા (B) જલધિ

(C) રોમ (D) દ્રુમ

63) ‘સાચાં તોયે કાચાં જાણે કાચનાં બે કાચલાં’ – પંક્તિનો અલંકાર જણાવો. ANSWER - A

(A) ઉત્પ્રેક્ષા (B) રૂપક

(C) ઉપમા (D) વ્યતિરેક

64) ‘હાથી’ માટે કયો પર્યાય સાચો છે ? ANSWER - A

(A) કુંજર (B) હસ્થ

(C) કંથા (D) મૃગેશ

65) ‘નિષેધાજ્ઞા’ શબ્દની સંધિ છૂટી પાડો. ANSWER - B

(A) નિષેધા + જ્ઞા (B) નિષેધ + આજ્ઞા

(C) નિષેધા + આજ્ઞા (D) નિષે + ધાજ્ઞા

66) ‘સોપારી’ માટે નીચેનામાંથી કયો પર્યાય સાચો છે ? ANSWER - B

(A) શ્રીફળ (B) ફોફળ

(C) તાંબુલ (D) રેણુ

67) ‘ઊંચો દીપે ઘૂમટ ફરીથી વ્યોમ કેરો વિશાળો’ – પંક્તિનો છંદ ઓળખાવો. ANSWER - A

(A) મંદાક્રાંતા (B) સ્રગ્ધરા

(C) પૃથ્વી (D) હરિણી

68) નીચેનામાંથી કયો છંદ 17 અક્ષરનો નથી ? ANSWER - D

(A) હરિણી (B) પૃથ્વી

(C) મંદાક્રાંતા (D) વસંતતિલકા



ParikSaPath . pariksapath.in

69) 'સખી' શબ્દ માટે નીચેનામાંથી કયો પર્યાય સાચો છે ? **ANSWER- C**

(A) સૌમ્ય (B) અલિ

(C) અલી (D) ભાર્યા

70) 'તટે વિજન નાવ તેય સ્થિર નાંગરેલી પડી' – પંક્તિનો છંદ ઓળખાવો. **ANSWER - A**

(A) પૃથ્વી (B) અનુષ્ટુપ

(C) હરિણી (D) શિખરિણી

71) 'નવરાત્રિ' શબ્દનો સમાસ જણાવો. **ANSWER - B**

(A) બહુવ્રીહિ (B) દ્વિગુ

(C) મધ્યમપદલોપી (D) કર્મધારય

72) 'તકસાધુ' શબ્દનો સમાસ જણાવો. **ANSWER- C**

(A) મધ્યમપદલોપી (B) અવ્યયીભાવ

(C) ઉપપદ (D) બહુવ્રીહિ

73) 'ચતુર + પદી' શબ્દની સંધિ જોડો. **ANSWER - C**

(A) ચતુર્પદી (B) ચતુર્‌પદી

(C) ચતુષ્પદી (D) ચતુસ્પદી

74) સાચી જોડણી જણાવો. **ANSWER - D**

(A) પ્રલ્હાદ (B) પ્રલ્‌હાદ

(C) પ્રહલાદ (D) પ્રહ્‌લાદ

75) ખોટી જોડણી જણાવો. **ANSWER - B**

(A) વિકરાળ (B) ઊજાગરો

(C) બિલકુલ (D) નિમણૂક



ParikasaPath . pariksapath.in

76) ખોટી જોડણી જણાવો. ANSWER - D

(A) પિપૂડું (B) કીમિયો

(C) સુરીલું (D) ફૂદીનો

77) નીચેનામાંથી રૂઢિપ્રયોગ શોધી બતાવો. ANSWER - D

(A) સૂડી વચ્ચે સોપારી (B) મા વિના સૂનો સંસાર

(C) ઝીણો પણ રાઈનો દાણો (D) બોચી પર કાંકરો મૂકવો

78) 'બે' ક' શબ્દમાં 'બે' અને 'ક' વચ્ચેના ચિહ્નની ઓળખ શી છે ? ANSWER - C

(A) અવતરણ (B) અર્ધવિરામ

(C) લોપચિહ્ન (D) આશ્ચર્યચિહ્ન

79) નીચેના શબ્દોમાંથી ગુણવાચક વિશેષણ ઓળખાવો. ANSWER - B

(A) બે (B) તીખું

(C) પંદર (D) પચાસ

80) 'પાણી વગરની રેતાળ જગ્યા' શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. ANSWER - A

(A) મરુભૂમિ (B) ખારો પ્રદેશ

(C) ઉષ્ણ પ્રદેશ (D) શીત પ્રદેશ

81) 'પથ્થર થરથર ધ્રૂજે' પંક્તિમાં કયો અલંકાર છે ? ANSWER - D

(A) ઉત્પ્રેક્ષા (B) રૂપક

(C) ઉપમા (D) સજીવારોપણ

82) 'જ્યારથી તેણે મને જોયો ત્યારથી તે પ્રભાવિત હતો.' – આ વાક્યનો પ્રકાર જણાવો. ANSWER - B

(A) સાદું વાક્ય (B) સંકુલ વાક્ય

(C) સંયુક્ત વાક્ય (D) નિષેધ વાક્ય



ParikSaPath . pariksapath.in

**83)** ‘સંકલ્પ’ શબ્દની સંધિ છૂટી પાડો. **ANSWER - B**

(A) સં + કલ્પ (B) સમ્ + કલ્પ

(C) સમ + કલ્પ (D) સમ + ક્લ્પ

**84)** ‘ચરણકમળ’ શબ્દનો સમાસ જણાવો. **ANSWER - D**

(A) કર્મધારય (B) બહુવ્રીહિ

(C) મધ્યમપદલોપી (D) દ્વિગુ

**85)** ‘ગાંધીજી અસત્ય અને અહિંસાના કટ્ટર વેરી છે’ – આ વિધાનમાં કયો અલંકાર છે ? **ANSWER - A**

(A) વ્યાજસ્તુતિ (B) અનન્વય

(C) અતિશયોક્તિ (D) વ્યતિરેક

**86)** સાચી જોડણી જણાવો. **ANSWER - C**

(A) ઉદ્યોગીકરણ (B) ઔદ્યોગીકરણ

(C) ઔદ્યોગિકીકરણ (D) ઉદ્યોગિકીકરણ

**87)** ‘બાવાઓએ પાવાગઢની ફરતે પ્રદક્ષિણા કરી’ – આ વિધાનના કયા પદમાં ભૂલ છે ? **ANSWER - B**

(A) બાવાઓએ (B) ફરતે

(C) પાવાગઢની (D) પ્રદક્ષિણા

**88)** નીચેનામાંથી કયો શબ્દ શુદ્ધ છે ? **ANSWER - C**

(A) મંઝિલ (B) અંતર્ધ્યાન

(C) મહત્ત્વ (D) પરિણિત



ParikaPath . pariksapath.in

89) 'ત, ભ, જ, જ, ગાગા' કયા છંદનું બંધારણ છે ? ANSWER - C

(A) મંદાક્રાંતા (B) અનુષ્ટુપ

(C) વસંતતિલકા (D) હરિણી

90) 31 માત્રાનો છંદ કયો છે ? ANSWER - A

(A) સવૈયા (B) મનહર

(C) અનુષ્ટુપ (D) હરિણી

91) નીચેનામાંથી કયો સમાસ દ્વિગુ નથી ? ANSWER - D

(A) નવનિધિ (B) ત્રિશૂળ

(C) ત્રિભુવન (D) સમયસર

92) સાચી જોડણી જણાવો. ANSWER - A

(A) તિલાંજલિ (B) તિલાંજલી

(C) તિલાજંલિ (D) તિલાજંલી

93) ખોટી જોડણી જણાવો. ANSWER - A

(A) રોજીંદુ (B) મંજૂરી

(C) દીકરી (D) લુંટારો

94) 'વાકુચૂકુ' શબ્દમાં અનુસ્વાર કયા અક્ષર પર આવશે ? ANSWER - D

(A) વા (B) કુ, કુ

(C) ચૂ (D) ચારે અક્ષર પર



PariksaPath . pariksapath.in

95) સાચી જોડણી જણાવો. **ANSWER - B**

(A) અભીભૂત (B) અભિભૂત

(C) અભીભુત (D) અભિભુત

96) નીચેનામાંથી કયો શબ્દ 'પવન' નો પર્યાયવાચી નથી ? **ANSWER - D**

(A) સમીર (B) અનિલ

(C) વાયુ (D) રવ

97) નીચેનામાંથી કયો શબ્દ 'આંખ' નો પર્યાયવાચી નથી ? **ANSWER - C**

(A) નેત્ર (B) નયન

(C) વ્યોમ (D) ચક્ષુ

98) 'કામના', 'એષણા', 'મનોરથ' માટે કયો પર્યાય યોગ્ય છે ? **ANSWER - A**

(A) સ્પૃહા (B) તહોમત

(C) અદ્વિતીય (D) મારુત

99) 'તનુજ', 'તનય', 'આત્મજ' માટે કયો પર્યાય યોગ્ય છે ? **ANSWER - B**

(A) પુત્રી (B) પુત્ર

(C) સ્વજન (D) પિતા

100) સાચી જોડણી જણાવો. **ANSWER - A**

(A) આંબાવાડિયું (B) આબાંવાડિયું

(C) આંબાવાડીયું (D) આબાંવાડીયું



ParikshaPath . pariksapath.in

## બધી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ના પેપર ડાઉનલોડ કરો.

જે તે પરીક્ષા ના જુના પેપર અને આન્સર કી ડાઉનલોડ કરવા માટે નીચે આપેલા પરીક્ષાના નામ પર ક્લિક કરો.

| | | | | |
|---|---|---|---|---|
| પોલીસ કોન્સ્ટેબલ | તલાટી | બિન સચિવાલય ક્લાર્ક | પોલીસ ઈન્સ્પેક્ટર | નાયબ ચીટનીસ |
| સેનેટરી ઈન્સ્પેક્ટર | હાઈકોર્ટ બેલીફ | જુનીયર ક્લાર્ક | સીનીયર ક્લાર્ક | વિદ્યુત સહાયક |
| મુખ્ય સેવિકા | સ્ટાફ નર્સ | હાઈકોર્ટ ક્લાર્ક | હાઈકોર્ટ પટાવાળા | લેબ આસીસ્ટન્ટ |
| એકાઉન્ટ ઓફિસર | CTET | ટેકનીકલ આસીસ્ટન્ટ | TET | GSRTC કંડક્ટર |
| સ્પીપા | HTAT | નાયબ મામલતદાર | ફોરેસ્ટ ગાર્ડ | GSRTC ક્લાર્ક |
| GPSC સહાયક | TAT | પોલીસ સબ ઈન્સ્પેક્ટર | GPSC STI | ફીમેલ હેલ્થ વર્કર |
| RFO | સર્વેયર | જમાદાર | GSSSB ઈન્સ્પેક્ટર | ચીફ ઓફિસર |
| MPHW | લેબ ટેકનિશિયન | આસીસ્ટન્ટ ઈન્સ્પેક્ટર | ATDO | એકાઉન્ટન્ટ |

સરકારી નોકરીની માહિતી માટે દરરોજ દિવસ એકવાર તો WWW.RKHACK.COM ની મુલાકાત લો. મફત મટેરિયલ ડાઉનલોડ કરવા માટે WWW.GKNEWS.IN વેબસાઈટ પર જાઓ.

જોડાઓ અમારી સાથે

**અને ખાસ,** જો તમે સ્પર્ધાત્મક પરીક્ષાઓ ની તૈયારી કરતા હોવ તો અમારી સાથે અત્યારે જ જોડાઈ જાઓ. જોડવા માટે નીચે આપેલા બટન પર ક્લિક કરો.

Join Us on WhatsApp 94092 31939

Join Us On Telegram @gknews_in

Follow Us On Instagram @gknews_in

Subscribe Our Channel @gknews_in

Like Our FB Page @gknews.in

Follow Us On Sharechat @gknews_in

Thank You

ParikasaPath . pariksapath.in